

## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૭)

કલકત્તા
૯-૪-૬૨

ૐ

**શ્રી સદ્ગુરુદેવાય નમઃ**

**ધર્મસ્નેહી...સોનગઢ, શુદ્ધાત્મસત્કાર.**

આપનું કાર્ડ અને પત્ર મળ્યાં. માનસ્તંભના શુભ પ્રસંગે પણ હું ત્યાં નહીં આવી શકું તેનું કારણ પત્ર સાથે મોકલેલી લગ્નની કંકોત્રીથી માલૂમ પડશે. મોટા પુત્રનાં લગ્ન તા. ૧૬-૪ના દિવસે છે. પુણ્યવાનોને શુભ પ્રસંગનો યોગ છે, તેમને અશુભ પ્રસંગ ઉપર બોલવવા ઠીક નહિ, છતાં પણ લૌકિક વ્યવહારવશ બે કંકોત્રીઓ મોકલી છે. ત્યાંથી આવ્યા પછી પરિણતિ કાદવમાં જ ફસાયેલી રહે છે, જેવી યોગ્યતા છે તેવાં જ નિમિત્તોની વચ્ચે રહેવાનું થઈ રહ્યું છે. પ્રત્યક્ષ દુઃખ સમૂહમાં વેદન ચાલી રહ્યું છે પરંતુ એક જ ઝટકે તેમાંથી હઠવાનું બની શકતું નથી, રસ બિલકુલ નથી. ખેદ વર્તી રહ્યો છે છતાંયે અહીંથી નિવૃત્તિના યોગનો મેળ બેસતો નથી. આ બધું પૂર્વ કર્મોનું ઉપાર્જન જ છે. અખંડની અખંડતાનો પ્રયાસ પણ શિથિલ જેવો બની રહ્યો છે. હે ‘ગુરુદેવ’ ! આપનામાં તીવ્ર ભક્તિનો ઉદય હોવાથી જ અહીંનાં દુઃખોનો ઉપાય થશે, બીજો કોઈ ઉપાય નથી એ સારી પેઠે જાણું છું.

વધુ શું લખું? સોનગઢની દયાને પાત્ર છું, આપનો ઠપકો સાંભળવા લાયક છું. લગભગ એક મહિનાથી કંઈક શારીરિક અસ્વસ્થતા પણ રહ્યા કરે છે.

હે પ્રભો! અહીંથી વહેલી તકે નિવૃત્ત થઈને ગુરુચરણોમાં રહેવાનું બને, જેમણે અખંડ ગુરુવાસમાં રહેવાનું શીખવ્યું છે. એ જ વિનંતી.

તમારા બધાની પાસેથી ક્ષમાનો ઈચ્છુક તેમ જ આપની વાત્સલ્યતાનો આભારી.

**નિહાલભાઈ**

## સુપ્રભાત

**જન્મ-મરણ તથા સમસ્ત દુઃખનું મુળ કારણ એવા મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરી સમ્યગ્જ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટાવી સાદિ અનંતકાળ પર્યંત શાશ્વત સુખ-શાંતિની પ્રગટતા થાય એવી ભાવના સાથે ‘સ્વાનુભૂતિપ્રકાશ’ના સર્વ પાઠકવર્ગને નુતન સુપ્રભાતની શુભકામના.**

**- સ્વાનુભૂતિપ્રકાશ પરિવાર**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૫ : અંક–૨૫૨, વર્ષ–૨૩, નવેમ્બર–૨૦૧૮


## અષાઢ સુદ ૧૧, મંગળવાર, તા.૨૮–૦૬–૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા–૫૭, પ્રવચન–૨૦

આ 'યોગસાર' શાસ્ત્ર છે. ૫૭ મી ગાથા. ૫૬ ગાથા થઈ ગઈ. ૫૬ માં એમ કહ્યું કે, આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનને જ્ઞાનથી પ્રત્યક્ષ ન જાણે ત્યાં સુધી એને આત્માનું કાંઈ કાર્ય થાય નહિ. કેમકે જાણનાર પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ, એ ચૈતન્ય પ્રકાશસ્વરૂપ છે. એ ચૈતન્ય ચૈતન્યને જાણે તો એને પ્રત્યક્ષપણું થાય તો એને મુક્તિ થાય. અને પ્રત્યક્ષ જાણીને વેદનમાં–અનુભવમાં વિશેષ લે તો કર્મબંધનથી છૂટે. એ જ્ઞાન ઉપર અહીંયાં દૃષ્ટાંત આપવામાં આવે છે. ચૈતન્ય જ્ઞાનનો પ્રકાશ એવું સ્વરૂપ એનું છે, એનું પ્રત્યક્ષપણું થવું એ એનો સ્વભાવ છે અને એ જ એને અનુભવ કરીને મુક્તિ આપનાર છે. એમાં દૃષ્ટાંત આપ્યા છે.

**'આત્માના જ્ઞાન માટે નવ દૃષ્ટાંત છે.'**


**रयण दीउ दिणयर देहिउ दुद्धु धीव पाहाणु।**
**सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु।।५७।।**

નવ દૃષ્ટાંત આપ્યા છે. સાધારણ સમજાવવામાં આવે છે. આત્મા રત્ન સમાન છે. આત્મા, જેમ રત્ન પ્રકાશમય છે એમ આત્મા જ્ઞાનપ્રકાશમય છે. રત્ન જેમ નિત્ય અને કાયમ રહેનાર છે, એમ આત્મા જ્ઞાનસ્વરૂપે અવિનાશી કાયમ રહેનાર છે. રત્ન જેમ કિંમતી ચીજ છે એમ આત્મા પણ અલૌકિક અચિંત્ય સમ્યગ્જ્ઞાનથી કળાય એવી કિંમતી ચીજ છે. સમજાણું કાંઈ?

આત્મા રત્ન સમાન એક અમૂલ્ય દ્રવ્ય છે. જગતમાં આત્મા એક અમૂલ્ય દ્રવ્ય છે. '**પરમ ધન...**' આત્મજ્ઞાન રત્નના સ્વામી સમ્યગ્દૃષ્ટિ ઝવેરી છે. ઝવેરીને જેમ રત્નની પરીક્ષા હોય છે એમ ભગવાનઆત્મા ચૈતન્ય નિર્મળ રત્ન સમ્યગ્દૃષ્ટિરૂપી ઝવેરીને એની કિંમત હોય છે. સમજાણું કાંઈ? ગમે એવું રત્ન હોય પણ એની કિંમત કરનાર ન હોય તો એની કિંમત એના ખ્યાલમાં આવે નહિ. એમ આત્મા રત્ન સમાન ભગવાન શાશ્વત છે. રત્ન બહુ થોડા મળે, ઘણા ટકે, પ્રકાશમય (છે) તેથી એની કિંમત ટાંકવામાં આવે છે. એમ ભગવાન જ્ઞાનરત્ન કો'કને સ્વભાવમાં પ્રાપ્ત થાય, નિત્ય ટકાઉ છે અને એની કિંમત અનંત આનંદ આપે એવી એની કિંમત છે. એથી એને રત્નની ઉપમા (આપી છે). અહીં જ્ઞાનસ્વરૂપ ભગવાનને રત્નની ઉપમા (આપી) છે. સમજાણું?

ઝવેરી, સમકિતી ઝવેરી એને પરખે છે. એ રાગ–દ્વેષ, શરીરની ક્રિયા એ દ્વારા એની પરીક્ષા થઈ શકતી નથી. એની પરીક્ષા તો સમ્યગ્જ્ઞાનની પ્રતીત દ્વારા થઈ શકે છે. એવું એ ચૈતન્યરત્ન, રત્નની ઉપમાએ એને દાખલો આપ્યો છે.

વળી, ત્રણ રત્ન કહ્યા છે ને? એ મેળવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્ન કહેવાય છે. પર્યાય. તો કહે છે, '**સદાય જ્ઞાનજ્યોતિથી પ્રકાશમાન છે, અવિનાશી છે, સ્વયં સમ્યગ્દર્શન રત્નમય, સમ્યગ્જ્ઞાન રત્નમય અને સમ્યગ્ચારિત્ર રત્નમય...**' સ્વરૂપ જ એવું છે, એમ કહે છે. એનું કાયમી સ્વરૂપ જ સમ્યગ્દર્શન રત્નસ્વરૂપ છે, સમ્યગ્જ્ઞાન રત્નસ્વરૂપ છે, સમ્યક્ચારિત્ર રત્નસ્વરૂપ છે. વસ્તુ, હોં! વસ્તુ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા સમ્યગ્દર્શન રત્ન જે પર્યાયમાં છે એવું જ એ સમ્યગ્દર્શન રત્ન ત્રિકાળ એના સ્વભાવમાં છે. આત્મા જ્ઞાનસ્વરૂપ, એમાં સમ્યગ્દર્શન રત્ન, સમ્યગ્જ્ઞાન રત્ન અને સમ્યક્ચારિત્ર રત્ન, એ જ્ઞાનસ્વભાવમાં પડ્યા છે. અને ત્રણ રત્ન વડે તેની પરીક્ષા થઈ શકે છે. સમજાણું કાંઈ?



મુમુક્ષુ : સ્વભાવમાં પડ્યા છે છતાં કો'કને જ મળે એવા છે.

ઉત્તર : જેને સાધન કરે એને મળે એવા છે. એટલે કો'કને કહ્યું ને! એવા તો અનંત આત્માઓ પડ્યા છે, અનંતગુણા છે. પામનારને, સમજનારને એની કિંમત કરનારને મળે છે. કિંમત દે એને મળે, કિંમત દીધા વિના મળતું હશે? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની કિંમત ભરે તો તેને રત્ન મળે અને એ રત્ન વડે મુક્તિની, પૂર્ણની પ્રાપ્તિ થાય. કહો! એવું રત્ન પણ એને અનંતકાળથી પરખતાં આવડ્યું નહિ. 'પરખ્યા માણેક મોતી, પરખ્યા હેમ કપૂર, એક ન પરખ્યો આત્મા, ત્યાં રહ્યો દિગ્મૂઢ.' મૂઢ. સમજાણું કાંઈ? બધાની પરીક્ષાઓ કરી. આનું આ ને આનું આ ને આનું આ. આત્મા શું ચીજ છે એની પરીક્ષા કરી નહિ. બધી લૌકિકની મોટી મોટી વાતું કરી, આ.. આ.. આ.. આ રોકેટ આમ જાય છે ને ઢીકણું આમ જાય છે.

મુમુક્ષુ : કેટલાને તાબે કરે છે.

ઉત્તર : ધૂળમાંય કોઈને તાબે કરતો નથી, સમજતો નથી. ચૈતન્યરત્ન તે જાણવાનું કામ કરે કાં એને જાણતાં રાગ કરે. કરે શું બીજું ઈ? જ્ઞાનસ્વરૂપ છું એવું ભાન કરે તો જાણવાનું કામ કરે. જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન ન હોય તો સામે જોતા રાગથી જોવે કે આ મારું ને મેં કર્યું એમ માને. કરે શું બીજું?

મુમુક્ષુ : એને લીધે તો સંચા ચાલે છે બધા.

ઉત્તર : ધૂળમાંય ચાલતા નથી. એને લઈને ચાલે છે? વીજળીને તાબે કરી, એમ કહે છે. આકાશમાંથી વીજળી તાબે કરી. ગપ્પેગપ મારે છે, માળા!

રત્ન સમાન ભગવાનઆત્મા, એની કિંમતુ સમ્યગ્જ્ઞાની રત્નની કિંમત કરે છે, કહે છે. જેની નજરમાં કિંમત છે તે નજરથી તેને પરખે છે. આહાહા..!

દીપ સમાન છે. '**આત્મા દીપક સમાન સ્વપર પ્રકાશમાન છે.**' ભગવાનઆત્મા દીવો છે. ચૈતન્યદીવો-ચૈતન્યપ્રદીપ. સમજાણું? '**દીપક સમાન સ્વપર પ્રકાશમાન છે. એક જ કાળે આ આત્મા પોતાને પણ જાણે છે અને સર્વ દ્રવ્યોને, તેમના ગુણ પર્યાયોને પણ જાણે છે.**' એવો પ્રકાશમાન ચૈતન્યસૂર્ય છે, એમ કહે છે. દીવા સમાન. પોતાને જાણે, બધા અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને અને પરના અનંત દ્રવ્ય-ગુણ-પર્યાયને ભિન્ન રહીને જાણે, એનું નામ પ્રકાશ. દીવો પરને જાણતાં પરરૂપ થાય નહિ. એમ આત્મા સ્વને જાણતા સ્વરૂપે રહેલો, પરને જાણતા પરરૂપ

ન થાય. એવો દીપક સમાન આત્મા સ્વપરપ્રકાશનું અસ્તિત્વ તત્ત્વ છે. કહો, સમજાણું કાંઈ? ખરેખર આત્મા દીપક સમાન, પુણ્ય-પાપના રાગ, શરીર, વાણી બધાને પ્રકાશનારું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? રાગાદિ અને પરને ઉત્પન્ન કરનારું એ તત્ત્વ નથી. સ્વપરને પ્રકાશે એવું એ તત્ત્વ છે. માટે દીવાની ઉપમા એને આપી. સમજાણું?

'**જાણે છે, છતાં પણ પર જ્ઞેયોથી ભિન્ન છે.**' જુઓ! એમાં લખ્યું છે. જાણે, દીવો પરને જાણે, દેખાડે પણ કાંઈ પરરૂપ થાય? એમ આત્મા પરને જાણે, જાણતાં કંઈ પરરૂપ થાય? શરીરને જાણે, રાગને જાણે, કર્મને જાણે, પુદ્‌ગલને જાણે. જાણતાં દીવાની સમાન જેમ દીવો પરને પ્રકાશે તો દીવો પોતામાં રહીને પરને પ્રકાશે છે. પરરૂપ થતો નથી. એમ ચૈતન્યદીવો દેહમાં ભગવાનઆત્મા પોતાને અને પરને પ્રકાશતાં પરરૂપ થયા વિના પ્રકાશે છે. એવું એનું સ્વરૂપ છે. કહો, સમજાણું?

'**આ આત્મા કદી ન બુઝાય એવો અનુપમ દીપક છે.**' ઓલો દીવો તો બુઝાય, એમ કહે છે. દીવો તો ઓલાય જાય, આ તો ઓલાય નહિ. શાશ્વત રત્ન, શાશ્વત દીપક, અનાદિઅનંત (છે) એનું ઓલાવું શું? શાશ્વત ચીજને નાશ શો? '**આ આત્મા દીપકને કોઈ તેલની જરૂર નથી.**' ઓલા દીવાને તો તેલની જરૂર (પડે), બત્તીની જરૂર (પડે). આ તો તેલ અને બત્તી વિનાનો ઝળહળ જ્યોતિ ભગવાન બળે છે અંદર. આહાહા..! ચૈતન્યદીવો જેને તેલ, બત્તી, મન, રાગની પુષ્ટિની જરૂર નથી, એમ કહે છે. દીવાને જેમ તેલ-બત્તીની જરૂર નથી એમ ચૈતન્યદીવાને મનની અને રાગની અપેક્ષાની જરૂર નથી. એવો એ ચૈતન્યદીવો સ્વથી પ્રકાશે એવો છે.

આ આત્મા કોઈ પવનથી બુઝાય એવો નથી. જેમ ઓલો દીવો છે એ પવનથી બુઝાય. આ રાગ ને શરીરથી આત્મા નાશ થાય એવો એ નથી. અવિનાશી વસ્તુ દીપક સમાન, એવી ને એવી ઝળહળ જ્યોતિ અનાદિઅનંત દેહદેવળમાં ભિન્ન બિરાજે છે. '**સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવોને એકી સાથે પ્રકાશિત કરે છે.**' બધા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને એક સમયમાં જણાવે એવું એ તત્ત્વ દીપક સમાન છે.

સૂર્યનો દૃષ્ટાંત. '**આત્મા સૂર્ય સમાન પ્રકાશમાન અને પ્રતાપવાન છે.**' કહો, સમજાણું? આત્મા પ્રકાશમાન, પ્રતાપવાન (છે). પોતાથી પ્રતાપથી શોભે છે, પોતાના પ્રકાશથી શોભે છે. પ્રભુતાના લક્ષણથી ભરેલું છે ને તત્ત્વ? પ્રભુતાના લક્ષણે સ્વતંત્ર. પોતાના અખંડ પ્રતાપથી શોભે એવું એ તત્ત્વ અનાદિ છે. સમજાણું કાંઈ? '**સર્વ લોકાલોકનો જ્ઞાતાદૃષ્ટા છે.**' સૂર્ય જેમ બધાને બતાવે છે. તો એ કંઈ બધાને નથી બતાવી શકતો. આ તો લોકાલોકને જાણનાર છે. '**પરમ વીર્યવાન છે.**' પ્રતાપવંત કહ્યું ને? જેમ સૂર્યનો પ્રકાશ છે, એમ આત્મામાં અનંત વીર્ય છે. પ્રકાશની સાથે અનંત વીર્યનો સૂર્ય ભગવાન છે. અનંત બળનો સૂર્ય ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરમ શાંત છે...**' આ સૂર્ય તો આતાપવાળો છે. આ શાંત, અકષાય, વીતરાગ સ્વભાવથી ભરેલું સત્ત્વ તત્ત્વ છે. '**એ એક અનુપમ સૂર્ય છે.**' ઓલો સૂર્ય તો સાધારણ (છે), એવા તો અસંખ્ય સૂર્ય છે. આ તો એક જ સૂર્ય પોતાનો (છે). પોતાનો, હોં! બીજાનો સૌનો જુદો. અનુપમ સૂર્ય! એ સૂર્ય તો સાંજે ઢંકાઈ જાય છે, આ કોઈ દિ' ઢંકાતો નથી. ચૈતન્યસૂર્ય પ્રકાશનું બિંબ કે દિ' ઢંકાય? દ્રવ્ય સ્વભાવ કે દિ' ઢંકાય? વસ્તુ સ્વભાવ કે દિ' અવરાય? એવો ભગવાન સૂર્ય સમાન ચૈતન્યબિંબ દેહમાં બિરાજે છે.

'**કોઈ મેઘ કે રાહુ તેને ગ્રસી શકતો નથી.**' વાદળા અથવા રાહુ સૂર્યને પકડે આ એવો સૂર્ય નથી. કર્મથી કંઈ પકડાય એવો નથી. રાગના વિકલ્પથી આત્મા આખો ગ્રસાય જાય એવો નથી. કહો, સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્ય ભગવાન પરથી ગ્રહાય એવો નથી. '**સ્વયં પરમાનંદમય છે. જે આ આત્મસૂર્યના દર્શન કરે છે તેને પણ તે આનંદ આપે છે.**' જે એને દેખે એ આનંદ આપે એવો

છે, એમ કહે છે. જે એને દેખે એને આનંદ આપે. કહો, સમજાણું? આવ્યું હતું ને? 'નમઃ સમયસારાય' 'કળશટીકા' નહિ? જ્ઞાન અને આનંદનો દાતાર છે. પોતે શુદ્ધાત્મા જ્ઞાન અને આનંદનો દાતાર છે. અશુદ્ધ આત્મા અને પુદ્ગલ એ કોઈ જ્ઞાન દાતા એમાં નથી. પરનું જ્ઞાન એમાં જ્ઞાન નથી. પરમાં સુખ છે નહિ. પહેલામાં આવ્યું છે. જ્ઞાન અને આનંદનો એ દાતાર છે. એને જાણનારને આનંદ દે. એને જાણનારને આનંદ દે! સમજાણું?

**'એ સદા નિરાવરણ છે.'** એને કોઈ દિ' આવરણ નથી. **'એક નિયમિત સ્વક્ષેત્રમાં...'** રહેનારો છે. આ સૂર્ય તો આમથી આમ આડોઅવળો ફરે છે, એમ કહે છે. સવારે ઊગે, આમ ફરે. આ તો નિયમિત અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે. સદાય પોતાનું ક્ષેત્ર આટલું (રહે). આ શરીરનું ક્ષેત્ર તો ફરે છે. નિયમતિ અનાદિઅનંત અસંખ્ય પ્રદેશમાં બિરાજમાન છે. એનું ક્ષેત્ર કોઈ દિ' ફરતું નથી. દેહમાં રહેવા છતાં, દેહને આકારે હોવા છતાં પોતે પોતાનો આકાર છોડતો નથી. પોતાને આકારે રહે છે.

હવે દૂધ, દહીંની ઉપમા (આપી છે). પાઠમાં પહેલું દહીં, દૂધ અને ઘી એમ નાખ્યું છે. એ ત્રણ થઈને દાખલો એક છે, હોં! ત્રણ દ્રષ્ટાંત નથી. ત્રણ થઈને એક છે. દૂધ, દહીં અને ઘી. 'આત્માના દૂધ જેવા શુદ્ધ સ્વભાવનું મનન કરવાથી આત્માની ભાવના દ્રઢ થાય છે.' દૂધમાંથી જેમ દહીં થાય છે ને? એમ ભગવાન દૂધ સમાન છે એનું એકાગ્ર ધ્યાન કરવાથી એને દહીંની મીઠાશ પ્રગટ થાય છે અને એમાંથી જામીને ઘી થાય છે. કહો, સમજાણું?

મુમુક્ષુ : દાખલામાંથી નીકળે તો સારું.

ઉત્તર : દાખલામાંથી શું નીકળે? ભાઈ! આ તમારા ભાઈનો દીકરો છે, હોં! આવા દાખલામાંથી ઓલો હાથ આવી જાય. દાખલો તો એને માટે છે. દાખલા દાખલા માટે નથી.

ભગવાન જેમ દૂધને મથવાથી અથવા મેળવવાથી જેમ દહીં થાય છે એમ ભગવાનઆત્માની એકાગ્રતા થવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું દહીં પ્રગટ થાય છે. એમાં વિશેષ એકાગ્રતાથી એમાંથી એને ઘીમોક્ષની દશા પ્રગટ થાય છે. દૂધ, દહીં અને ઘી ત્રણેની ઉપમા આત્માને છે. કહો, સમજાણું આમાં? **'આત્માની જાગૃતિ જ દહીંરૂપ થવું છે.'** એમ કહે છે, જુઓ! જાગૃતિ.

**'પછી જેમ દહીંને વલોવવાથી ઘી સહિત માખણ નીકળે તેવી જ રીતે આત્માની ભાવના કરતાં કરતાં આત્માનુભવ થાય છે. જે પરમાનંદ આપીને આત્માને ઘી સમાન બતાવે છે.'** અથવા કેવળજ્ઞાન થઈ જાય, મૂળ તો એમ છે. સમજાણું? કેટલું નીકળી જાય તોપણ કેવળજ્ઞાન (ખૂટે નહિ). દૂધ સમાન એનું એકાગ્ર ધ્યાન કરવાથી દહીં સમાન મીઠાશ (થાય) અને વિશેષ એકાગ્રતા કરવાથી દહીંમાંથી ઘી નીકળે એમ કેવળજ્ઞાન થઈ જાય છે. કહો, આ દાખલો અંદર સમજવા માટે છે. દાખલામાંથી આત્મા (નીકળે એવો) છે? એ પણ ગોઠવી ભારે દયે છે! કલ્પના ખરી ને!

**'પોતે જ દૂધ છે, પોતે જ દહીં છે, પોતે જ ઘી છે. મુમુક્ષુએ નિજ આત્મારૂપી ગોરસનું જ નિરંતર પાન કરવું જોઈએ.'** લ્યો! આ દૂધ, દહીં અને ઘી ભગવાનઆત્મા છે. આહાહા..! શુદ્ધ ચૈતન્યનું સત્ત્વ એ આખું દૂધ સમાન. એને મેળવવાથી એટલે એનો મેળ-એકાગ્ર કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું દહીં નીકળે છે અને એમાં (વિશેષ) એકાગ્ર થવાથી કેવળજ્ઞાનનું માખણ અથવા ઘી નીકળે છે. એવો એ આત્મા દૂધ, દહીં અને ઘી જેવો છે. લ્યો! આ તો સહેલો દાખલો છે. દૂધ, દહીં અને ઘીમાંથી આત્મા નીકળે એવો છે? દૂધ, દહીં અને ઘી તો એની ઉપમા છે. એ તો આત્માની ઉપમા છે.

હવે પાંચમો દાખલો. એ ત્રણ થઈને એક છે, હોં! સમજાણું? રત્નનો, દીપનો, સૂર્યનો અને આ ત્રણ થઈને એક, એમ ચાર થયા. હવે આમાં પાષાણનો છે. પેલામાં પીપરનો છે, આપણે છેલ્લામાં આપ્યું છે ને? મૂળ પાઠમાં પાષાણ છે. અને હું જે આ વારંવાર આપું છું એ પીપરનો દાખલો.

પીપર! ઈ છે એમાં. આત્મા પીપર સમાન છે. પીપરમાં જેમ ચોસઠ પહોરી તીખાશ ભરી છે ને? પીપરનો દાણો હોય છે ને? ચોસઠ પહોરી સમજો છો? લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ચરપરાઈ ભરી છે એમ આત્મામાં પૂરું કેવળજ્ઞાન, કેવળદર્શન અને આનંદ પડ્યો છે. કહો, સમજાણું કાંઈ? અને એને જ આત્મા કહીએ. જેમ ચોસઠ પહોરી તીખાશને જ પીપર કહીએ. એમ આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત આનંદ, એને જ અહીં આત્મા કહેવામાં આવે છે. એમાં એકાગ્ર થતાં, જેમ પીપરમાંથી શક્તિ પ્રગટ થાય છે, એમ આત્મામાંથી શક્તિ કેવળજ્ઞાન, કેવળદર્શન અને મોક્ષની દશા પ્રગટ થાય છે. એ પીપર સમાન ભગવાનઆત્માની ઉપમા અપાય છે. આહા..! સમજાણું કાંઈ?

અહીં પથરાની ઉપમા આપી (છે). મુળ શબ્દ પથ્થર છે. '**આત્મા પત્થર સમાન દઢ અને અમિટ છે.**' જેમ મજબૂત પથરો દઢ હોય છે અને એક કણી પણ ખરે નહિ. આરસપહાણનો બહુ ચીકણો પથરો હોય, બહુ ચીકણો, એથી પણ ચીકણા પત્થરની જાત થાય છે. આરસપહાણ કરતાંય બહુ ચીકણાં, હોં! બહુ ચીકણાં. એક કણી ખરે નહિ. કણી ખરે નહિ એવા ચીકણાં.. ચીકણાં.. ચીકણાં.. ચીકણાં રજકણના સ્કંધ એવા ચીકણા પરિણમેલા હોય છે ને કે એમાંથી એક કણી ખરે નહિ. એમ ભગવાનઆત્મા, એના અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનો પિંડ, એમાં પ્રદેશ અને ગુણ, એક અંશ પણ ખરે નહિ, ઘટે નહીં. એવો એ ચીકણો અનંત ગુણનો પિંડ ભગવાન છે.

'**દઢ અને અમિટ છે. પોતાની અંદર અનંત ગુણો રાખે છે.**' પત્થરમાં જેમ બહુ દઢતાની શક્તિઓ રહેલી છે એમ આત્મામાં અનંતી જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ રહેલી છે. '**તેમને કદી ઓછા થવા દેતા નથી,...**' એ પથરા ઊંચા હોય છે ને એ બહુ ચીકણા (હોય). એવો ને એવો સદાય રહે. ઊંચા સ્ફટિકમણિ છે, જુઓને આ લ્યો! ચંદ્ર, સૂર્ય. ચંદ્ર, સૂર્યના પથરા કોઈ દિ' એક કણી ખરે નહિ, કણી ઓછી થાય નહિ. અનાદિઅનંત એવો ને એવો (રહે). ચંદ્ર, સૂર્યના સ્ફટિક છે ને!

મુમુક્ષુ : ત્યાં તો બંગલા બાંધવાના છે.

ઉત્તર : બંગલા બાંધશે. એ તો એક જણાએ ના પાડી છે કે, હવે નહિ જઈ શકે. એવું આવ્યું છે, સાંભળ્યું છે? એ બધા ગપ્પેગપ, થવા દ્યો તો ખરા, ન્યાં ગયા પછી આવે તો ખરા હજી મરીને. મફતના ગપ્પેગપ. આકાશ અને પાતાળ એક કરવા માગે છે. નિગોદ અને સિદ્ધ જાણે એક કરતા હોય. ભિન્ને ભિન્ન પદાર્થ છે. સમજાણું કાંઈ? આહાહા! સર્વજ્ઞે કહેલા તત્ત્વો ત્રણકાળમાં ફરે એવા નથી. લોકોને શંકા અને સંદેહ (રહે). વાસ્તવિક પરમાત્માએ શું કહ્યું છે એની ખબર નથી.

'**ન કદી અન્ય ગુણને સ્થાન આપે છે.**' પથરો કંઈ બીજાને સ્થાન આપતો નથી. એમ આત્મા અસંખ્યપ્રદેશી અનંત ગુણનો કઠણ પિંડ, એ બીજાને સ્થાન આપતો નથી. એ વિકલ્પને પણ એ સ્થાન આપતો નથી એવો આત્મા પત્થર સમાન ચીકણો છે. આહાહા..! શું કહેવાય? ચીરોળી નીકળે છે ને બહુ ઊંચી? શું કહેવાય? તમારે છોકરાને પ્રકાશ. લ્યો, ઈ પ્રકાશ અને ઓલી ચીરોળી. ચીરોળી બહુ ઊંચી આમ માખણ જેવી. હેઠે આમ ધોળી.. ધોળી.. ધોળી.. ધોળી. હેઠે જેમ જાતા જાય ને.. લોટ કરીને લશ્કરના માણસને રોટલામાં ખવરાવે. હાડકા મજબૂત થાય. આ તો ચીકણો પત્થર. એવો આત્મા અનાદિનો છે. એમાંથી કાંઈ ખરે એવું નથી. અનંત ગુણનો સંગ્રહ કરીને પડ્યો છે, બીજાને સ્થાન આપે એવો નથી. એ ભગવાન અનંત ગુણનો ઢીમ, અનંત ગુણનો ઢીમપથરો બીજાને સ્થાન આપે એવો નથી. રાગ ને કર્મ ને શરીરને સ્થાન આપે એવો એ આત્મા નથી. કહો, સમજાણું કાંઈ?

'**અગુરુલઘુ સામાન્ય ગુણ દ્વારા એ પોતાની મર્યાદામાં ટકી રહે છે.**' પત્થરની ઉપમા આપી છે ને! '**આઠ કર્મોના સંયોગથી સંસાર પર્યાયમાં રહે છે તો પણ કદી પોતાનો સ્વભાવ છોડીને આત્મામાંથી અનાત્મા થઈ જતા નથી. નિશ્ચળ**

**પરમ દૃઢ સદા રહે છે.**' વિકારના પર્યાયપણે પણ વસ્તુ પોતે દ્રવ્ય જ્ઞાયકભાવ એ કદી થયો નથી. એવો દૃઢ છે કે પાણીનું બિંદુ જેમ પત્થરમાં પેસે નહિ, મજબૂત પત્થરમાં પાણી પેસે નહિ, મગશેળિયા પથરા આવા ઝીણા થાય છે. મગશેળિયા, મગશેળિયા સમજો છો? મગના દાણા જેવો. ત્યાં વેળુમાં બહુ હોય. અમારે તો ઘણા જોયા હોય ને! વેળુની અંદર આવો ઝીણો, ચીકણો. પાણી અડે જ નહિ એને. પાણી રહે તો શેનું, પણ અડે જ નહિ. પડ્યું ભેગું આમ (સરી જાય). ચીકાશ, બહુ ચીકાશ. મગના દાણા જેવા મગશેળિયા પથરા થાય છે, મગશેળિયા. એવો આ પથરો એવો છે. વેળુમાં બહુ હોય. 'રાણપુર'માં બહુ દેખાય, ત્યાં મસાણ છે ને? ત્યાં દિશાએ જઈએ ને? ઓલું શું કહેવાય? પોંહઠી. ત્યાં બહુ જોવા મળે, ઘણા દેખાય. આઘે આઘે જાતા હોય કોઈ માણસ દેખાય નહિ. ઝીણા ઝીણા ઝીણા મગના દાણા જેટલા હોય. વેળમાં કો'ક કો'ક ઠેકાણે, હોં! એવો ચીકણો.. એવો ચીકણો, હોં! તેથી એને મગશેળિયો પત્થર કહે છે. જોયો છે કોઈ દિ'? ખ્યાલ નથી?

એમ આ ભગવાન મગશેળિયા પથરા જેવો છે. રાગને અડવા દ્યે નહિ, રાગનું પાણી અંદર પેસે નહિ. સમજાણું કાંઈ? કહો, 'ભગવાનભાઈ'! જોયો છે કે નહિ મગશેળિયો પથરો? કોરો લાગે. નીકળ્યો એટલે એવો ને એવો. મગશેળિયો એટલે ઈ સ્વભાવવાળો, એમ. એવો સ્વભાવ, બહુ ચીકણો સ્વભાવ. કહો, સમજાણું?

સુવર્ણની ઉપમા. '**આત્મા શુદ્ધ સુવર્ણ (કુંદન) સમાન પરમ પ્રકાશમાન જ્ઞાન ધાતુથી નિર્મિત...**' લ્યો! ઓલી સોનું ધાતુ છે, સુવર્ણ ધાતુ. આ આત્મા જ્ઞાનધાતુ તે સુવર્ણ સમાન અનાદિ બિરાજમાન છે. '**અમૂર્તિક એક અદ્દ્ભુત મૂર્તિ છે.**' સોનાને આમ દેખે તો સોનાની મૂર્તિઓ આ..હા..હા..! માણસ જોવા નીકળે, હોં! સરખી મૂર્તિ હોય સોનાની અને પાંચ શેરની મૂર્તિ હોય, કારીગરી (હોય).. આહાહા...! આ આત્મા અસંખ્ય પ્રદેશી એકલી સુવર્ણમયી મૂર્તિ છે. સમજાણું કાંઈ? ચૈતન્યધાતુ છે.

'**સંસારી આત્મા ખાણમાંથી નીકળેલા ધાતુ, પાષાણ, સુવર્ણની જેમ અનાદિથી કર્મરૂપી કાલિમાથી મલિન છે.**' પર્યાયમાં, હોં! '**અગ્નિ આદિના પ્રયોગથી જેમ સોનાની વસ્તુ પાષાણથી જુદી કરીને શુદ્ધ કુંદન કરવામાં આવે છે...**' લ્યો! સોનાને જેમ અગ્નિનું નિમિત્ત મળતાં પોતાના ઉપાદાનથી જેમ સોનું શુદ્ધ થઈ જાય છે. એમ '**આત્મધ્યાનરૂપી અગ્નિ વડે...**' ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની એકાગ્રતારૂપી ધ્યાનની અગ્નિથી એ ભગવાનઆત્મા સોના સમાન સોળવલું, સો ટકાનું સોનું... શું કહેવાય? સો ટચનું, એવો આત્મા સો ટચનું સોનું સ્વભાવે છે. સ્વભાવે છે. સોળવલું જ સ્વભાવે છે, એમાં એકાગ્ર થાય તો પર્યાયમાં સોળવલું થઈ જાય છે. એવો સોના સમાન છે.

ચાંદી સમાન. ચાંદી સમાન પરમ શુદ્ધ અને નિર્મળ, એમ. એક ક્ષેત્રે સાથે રહ્યો છતાં એની સફેદી–વીતરાગતા જતી નથી. વીતરાગતારૂપી સફેદી એમાં ભરી છે. કહો, આ તો સોને વહાલા ચાંદી અને સોનાના દાખલા છે.

મુમુક્ષુ : જોવું હોય ત્યારે એમ કહે કે અનુપમ છે પાછી ઉપમા તો આપે છે.

ઉત્તર : એને ખરેખર ઉપમા નથી. આ તો દૃષ્ટાંત છે, આ ઉપમા નથી. આ તો દૃષ્ટાંત છે કે આ પ્રકારે આ જેમ છે એવી ચીજ આવી અલૌકિક છે, એમ. સમજાણું કાંઈ? ઠીક કહે છે ઈ, વચ્ચે લાકડું નાખે છે, હોં!

મુમુક્ષુ : ત્યાં નવ દાખલા..

ઉત્તર : નવ શું અનંત દાખલા છે. જેટલા જગતમાં ઉત્તમ ઉત્તમ દાખલા હોય ને એ બધા આત્માને લાગુ પડે છે. દાખલાનું શું? કહો, સમજાણું?

જેમ ચાંદી પોતાની સફેદાઈને કોઈ દિ' છોડતું નથી, એમ ભગવાનઆત્મા પોતાની નિર્મળતાની સફેદી, વીતરાગતાની સફેદી, નિર્દોષ આનંદની સફેદી કોઈ દિ' છોડતો નથી. આહાહા..! '**જ્ઞાની આત્મારૂપી ચાંદીનો સદા વ્યવહાર કરે છે,...**' લ્યો! ઓલો

ચાંદીનો વેપાર કરે છે ને? ચાંદીનો વેપારી નથી કહેતા? આ ચાંદીનો વેપારી છે. અહીં કહે છે, જ્ઞાની આત્મારૂપી ચાંદીનો સદા વેપાર કરે છે. એ વીતરાગતાની સફેદાઈને પ્રગટ કરે છે. આહાહા..! ચાંદીનો વેપારી છે, નથી કહેતા? આ સોનાનો વેપારી છે, આ રત્નનો વેપારી છે. ઝવેરી કહે છે ને આપણે ઓલા 'મૂળચંદજી' આવે છે એ ચાંદીના વેપારી છે.

કહે છે, ચાંદીનો વેપાર.. ભગવાનઆત્મા તો સદા ચાંદીનો વેપાર, વીતરાગતાની સફેદાઈથી ભરેલું તત્ત્વ, એ વીતરાગતાની સફેદીને પ્રગટ કરવાનો જ જ્ઞાનીનો વેપારધંધો છે. કહો, આ રાગ-બાગ, પુણ્ય-પાપ કરવા એ એનો ધંધો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**આત્માની અંદર જ રમણતા કરે છે તે કદી પરમાનંદરૂપી ધનથી શૂન્ય હોતા નથી.**' લ્યો! ચાંદીની સાથે કીધું. સમજ્યા ને?

આઠમો સ્ફટિક મણિનો દાખલો. '**સ્ફટિકમણિ સમાન નિર્મળ અને પરિણમનશીલ છે.**' નિર્મળ અને પરિણમનશીલ એટલી, બે ઉપમા લેવી. બાકી ઘણું નાખ્યું છે. '**જેમ સ્ફટિકમણિ લાલ, પીળી, નીલી વસ્તુના સંપર્કથી લાલ, પીળા, નીલા રંગરૂપ પરિણમન કરે છે તો પણ પોતાની નિર્મળતા ખોઈ બેસતો નથી,...**' એ અવસ્થામાં સ્ફટિકને લાલ આદિ રંગ દેખાય છે છતાં એ સ્ફટિકપણાની સ્વચ્છતાને છોડતું નથી. સમજાણું? એમ આત્મા રાગાદિ દશાને ધારણ કરતાં છતાં વસ્તુસ્વરૂપે સ્ફટિકમણિ જેવો છે, એ સ્ફટિકમણિ કોઈ દિ' રાગરૂપે થતો નથી. જ્ઞાની ન કદાપિ.. એ આવે છે ને? શું કીધું ઈ? સ્ફટિકમણિમાં કહ્યું ને? જ્ઞાની રાગરૂપે પરિણમતો નથી. જ્ઞાની એટલે દ્રવ્ય, જ્ઞાની એટલે આત્મદ્રવ્ય. ન્યાં વાંધા ઊઠ્યા ને એ બધા? જુઓ! દાખલો આપશે. જુઓ!

'**जह फलियमणि वसुद्धो ण सयं परिणमदि रागामादीहिं**' દેખો! છે ને? સ્ફટિકમણિ (જેમ) વિશુદ્ધ (છે તેમ) રાગાદિ (રૂપે) પોતે પરિણમે નહિ. વસ્તુ સ્ફટિકમણનો રાગરૂપેરંગપણે પરિણમવું સ્વભાવ જ નથી, એમ વસ્તુનો રાગરૂપે થવું એવો સ્વભાવ જ નથી. 'બંધ અધિકાર' છે ને? બંધપણે થવું એવો અબંધસ્વભાવી આત્માનો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? એમ કહે છે. ત્યારે ઓલા કહે, જુઓ! પરદ્રવ્યને લઈને બંધ છે. પણ આ સ્વદ્રવ્ય સ્વરૂપી અબંધસ્વરૂપમાં બંધ હોય નહિ. એથી અબંધ ભગવાનઆત્મા બંધપણાને પરિણમે એવું એનું સ્વરૂપ જ નથી. એ જ્યારે પરલક્ષે કરીને મમતા કરે ત્યારે પર્યાયમાં બંધભાવે પરિણમે છે. એ તો પરદ્રવ્યના લક્ષે પરિણમે છે. સ્વદ્રવ્યનો સ્વભાવ બંધપણે પરિણમવું એવો છે નહિ. સમજાણું કાંઈ? આ મોટી તકરારની ગાથા છે. આહાહા..!

આ કહે, જુઓ! દ્રવ્યનો સ્વભાવ રાગ(પણે) થવાનો નથી. આ લખ્યું, જુઓ! '**राइज्जदि अण्णेहिं दु सो रत्तादियेहिं दव्वेहिं।**' દેખો! '**एव णाणि सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**' જુઓ! એ દ્રવ્ય પોતે સ્વયં રાગપણે પરિણમવાનું એનું સ્વરૂપ જ નથી. દ્રવ્યનો સ્વભાવ હોય એવો? એ દ્રવ્ય પોતે જ્યારે પરનું લક્ષ કરે ત્યારે પર્યાયમાં પરની મમતા આદિ (ભાવે) પર્યાયમાં રાગરૂપે થાય છે. વસ્તુ પોતે કે દિ' થતી હતી? સમજાણું કાંઈ? આ ગાથાની તકરાર ઠેઠથી ચાલી છે, એ.... ત્યાંથી 'ઈસરી'થી. વિકાર થાય તે નિરપેક્ષ પોતાની પર્યાયથી થાય. બસ, પકડાય ગયા આ લોકો. પકડાય ગયા.

ભગવાનઆત્મા બંધસ્વભાવી છે જ નહિ. સ્ફટિકમણિ જેવો છે ઈ. જોયું? સ્ફટિકમણિ જેમ પોતે લાલાદિ(પણે) પરિણમે, પોતે પરિણમે છે? એ તો પર્યાયમાં નિમિત્તના સંગે એક સમયની દશા, બંધસ્વભાવી ભગવાન ન હોવા છતાં પર્યાયમાં એક અંશમાં બંધપણું થવું એ અબંધ દ્રવ્યનો સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પર્યાયદૃષ્ટિનું પરિણમન છે, એ દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યનું પરિણમન છે જ ક્યાં? દ્રવ્ય સ્વભાવ એવો છે જ ક્યાં એમ બતાવવું છે. ઓહોહો..! એવું સીધું સત્ સત્ સ્વતઃ સહજ સરળ. સતત સુલભ (છે).

ભગવાનઆત્મા એકલો સ્ફટિક જેવો, ત્રણકાળ

ત્રણલોક કાળ અને ક્ષેત્રમાં પોતાનો ભાવ છોડીને વિકારરૂપે થાય એવું એનું સ્વરૂપ છે જ નહિ. સમજાણું કાંઈ? ભાવ એટલે ગુણ, શક્તિ. એ પછી એણે લખ્યું છે, ... એનું કાંઈ નહિ. ('જયસેનાચાર્ય'ની ગાથામાં દાખલો આપ્યો છે. ૩૦૦ થી ૩૦૧) ૨૭૮ માં (અમૃતચંદ્રાચાર્યની ટીકામાં) છે. આ સ્ફટિકમણિમાંથી આત્મા નીકળે છે. આહાહા..! દેહમાં ચૈતન્ય સ્ફટિકમણિ રત્ન છે. અનાદિઅનંત ચૈતન્યરત્ન સ્ફટિકમણિ છે. એની દૃષ્ટિ કર્યે તેને સમ્યકૃરત્ન પ્રગટ થાય છે. એ રત્ન સ્ફટિક રત્ન છે તેની દૃષ્ટિ કર્યે સમ્યકૃરત્ન પ્રગટ થાય છે. રાગની, પુણ્યની દૃષ્ટિ કર્યે સમ્યકૃરત્ન થાય? એ (ક્યાં) રત્ન છે? રત્ન તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

નવમો અગ્નિનો દાખલો. **'આ આત્મા અગ્નિ સમાન સદા જલતો રહે છે.'** સદા જાજ્વલ્યમાન જ્યોતિ છે. જેમ અગ્નિમાં પ્રકાશ, દાહક અને પાચક ગુણ છે એમ આત્મામાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રિકાળી ગુણ છે. સમજાણું કાંઈ? અગ્નિ પ્રકાશે છે, અનાજને પચવે છે, ઇંધનને બાળે છે. દાહક–બાળે છે. એમ ભગવાન અગ્નિ સમાન છે. જેનો ત્રિકાળ સ્વભાવ ચૈતન્યનું, સ્વપરનું પ્રકાશવાનો છે, પાચકનો છે, આખું પૂર્ણ તત્ત્વ પચવી શકે એવી તાકાત એનામાં ત્રિકાળ પડી છે. પૂર્ણાનંદનો નાથ હું પરમેશ્વર પૂરો એક સમયમાં છું એવી પચવવાની શક્તિ એનામાં ત્રિકાળ પડી છે અને એનામાં ચારિત્ર નામનો ત્રિકાળ ગુણ છે કે જે અજ્ઞાન અને રાગ-દ્વેષને બાળીને રાખ કરે છે. એવો એનામાં ત્રિકાળ ગુણ છે. કહો, સમજાણું આમાં? કહો, આ તો દાખલામાંથી તો સમજાય એવું છે કે નહિ? દાખલામાંથી મળે એવું નથી ભલે. હેં? દાખલામાંથી મળે? દાખલામાંથી સમજાય એવું છે, મેં એમ કીધું. કહો, સમજાણું?

અગ્નિ **'કોઈ પણ વિષયો કે પરનું આક્રમણ થવા દેતો નથી.'** અગ્નિ (ઉપર) આક્રમણ થાય? ઝીણી જીવાત આવીને એને દાબી દ્યે? સમજાય છે? જળહળ, જળહળ જ્યોતિ, ચૈતન્યપ્રકાશમય, પાચકમય અને દાહક સ્વભાવમય એને કોઈ આક્રમણ કરીને ઢાંકી દે એવું એ તત્ત્વ છે નહિ. **'જ્યારે એ સંસાર પર્યાયમાં હોય છે ત્યારે એ પોતે જ પોતાના આત્મિક ધ્યાનની અગ્નિ જલાવીને પોતાના કર્મમળને ભસ્મ કરીને શુદ્ધ થઈ જાય છે.'** લ્યો! એવી અનુપમ અગ્નિ, કર્મઈંધનની દાહક. લ્યો! અહીં કર્મઈંધનની દાહક (કીધી). બાળી નાખે. **'આત્મિક બળની પોષક છે અને સદા જ્ઞાન દ્વારા સ્વપરપ્રકાશક છે.'** એમ લીધું. આત્મબળનું પોષક છે એ બળનું નાખ્યું. **'આ નવ દૃષ્ટાંતોથી આત્માને સમજીને...'** જુઓ! એમ લીધું. દૃષ્ટાંતોથી સમજીને, દૃષ્ટાંતોમાં આત્મા નથી. **'સમજીને પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત કરવો જોઈએ.'** ભગવાનઆત્માને આ નવ દૃષ્ટાંતે ઓળખીને પોતાના સ્વભાવનો પૂર્ણ વિશ્વાસ કરવો જોઈએ. કહો, આ તો સહેલી વાત છે કે નહિ? આ દાખલા સહેલા સમજાય છે કે નહિ? હેં?

મુમુક્ષુ : દાખલા પણ આપ સમજાવો ત્યારે સમજાય.

ઉત્તર : લ્યો, સમજાવો ત્યારે સમજાય. એ ૫૭ ગાથા (પૂરી) થઈ. આ તો દાખલા હતા એટલે (લાંબી ચાલી). ચાલીસ મિનિટ થઈ ગઈ.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (નવેંબર–૨૦૧૮)નું શુલ્ક**
**એક મુમુક્ષુ, અમેરિકા તરફથી સાભાર પ્રાપ્ત થયું છે,**
**જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૫૯ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૩૧-૫-૧૯૮૩, પ્રવચન નં. ૧૧૭ (વિષય : ભેદજ્ઞાન)**

**કેવી રીતે ભિન્ન ભિન્ન કરે છે? – કે સ્વપરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે. સ્વ-પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે. પણ પરને જાણીને જુદો રાખે છે. ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે. ૨૫૯.**

૨૫૯ બોલ પણ એ જ ટીકામાંથી છે. ૫૮, ૫૯, ૬૦ ત્રણ બોલ છે.

**'કેવી રીતે ભિન્ન-ભિન્ન કરે છે?'** હવે આ વિષયને ૨૫૯માં વધારે ખોલે છે. બંનેને પ્રથમ બુદ્ધિગમ્ય રીતે ખ્યાલમાં આવે એ રીતે ભિન્ન ભિન્ન કરે છે તોપણ કેવી રીતે કરે છે? પ્રશ્ન ઉઠાવીને વાતને વધારે સ્પષ્ટ કરે છે. **'–કે સ્વપરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે.'** જે ચૈતન્યપ્રકાશ છે, ચૈતન્યનું વેદન છે એને અનુભવપૂર્વક જાણવામાં આવે છે. સ્વપણે વેદાય છે, સ્વપણે અનુભવાય છે. સાથે સાથે રાગ પણ પ્રતિબિંબિત થતો હોવાથી ચૈતન્યમાં ચૈતન્યદર્પણમાં એનું પ્રતિબિંબ પડતું હોવાથી એ જણાય છે. બંને જણાય છે પણ બંનેને બંનેના સ્થાનમાં રાખે છે. સો છોકરાના ટોળામાં પોતાના છોકરાને પણ જાણે અને બીજા નવ્વાણુને પણ જાણે. વિકલ્પ કરવો પડે નહિ કે આ મારો અને આ બીજા મારા નહિ. એમ વિકલ્પ કરવો પડતો નથી. જ્ઞાન જાણે છે એ જાણતાં જ સ્વપરની જુદાઈને જાણે છે. એવું વિકલ્પ વિના જાણવાનું જ્ઞાનમાં સામર્થ્ય છે.

તખ્તેશ્વરની ટેકરી ઉપરથી એક સાથે 'ભાવનગર'ના સેંકડો-હજારો મકાન જોવે. આમ નજર કરે એમાં આ મારું એમ જોવે, વિચાર વિના. જોતા જ એમાં મારાપણું ભાસે અને બીજા જોતાં જ મારાપણું ભાસે નહિ. છે કે નહિ જ્ઞાનમાં સામર્થ્ય? એમ જ્ઞાનમાં જે જ્ઞાન પોતા સ્વરૂપે છે, જે જ્ઞાન, જ્ઞાન પોતે જ છે. જ્ઞાન તો જ્ઞાન પોતે જ છે એમાં એને પોતાપણું કરવા જવું પડે એ તો કેટલું વિચિત્ર છે!

અહીંયાં ઉપદેશ તો એટલો છે કે તું તારામાં તારાપણું કર. જ્યાં તારું નથી ત્યાં તારાપણું તું ન કર. એટલો જ ઉપદેશ છે. અનાદિની ભૂલ શું છે? કે પરમાં સ્વપણાની બુદ્ધિ છે અને સ્વમાં સ્વપણાની બુદ્ધિ નથી. જે કાંઈ ગડબડ છે એ તો આટલામાં જ છે. પછી એ તો એનો વિશેષપણે વિભાવ ફેલાય છે ત્યારે અનેકવિધતા ધારણ કરે છે. પણ એ બધામાં સામાન્ય ભૂલ તો આટલી જ છે કે પરમાં સ્વપણાની બુદ્ધિ છે. તો સ્વપરનું જાણવું... અહીંયાં ગ્રહવું એટલે જાણવું. સ્વપરગ્રાહક એટલે સ્વપરને જાણનાર જેનું લક્ષણ છે, સ્વપર જણાય એવું જેનું ચિહ્ન છે એવો જે ચતન્યનો પ્રકાશ. એ

ચૈતન્યનની વિશિષ્ટતા છે. સ્વનું જાણવું, પરનું જાણવું એક સાથે યુગપતપણે થાય એ તો ચૈતન્યની પોતાની સ્વાભાવિક વિશિષ્ટતા છે. એવો જે ચૈતન્યપ્રકાશ છે. '**તે ચૈતન્યને જાણીને...**' પ્રગટ પ્રકાશ છે તેને જાણીને.

'**અને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે.**' સહજપણે જ હોં. વિકલ્પ કરવો પડતો નથી. આ રાગ જુદો, આ જ્ઞાન જુદું એમ નહિ. એમ જ્ઞાન સ્વપણે વેદાય છે. તે જ્ઞાનમાં નથી એવા તત્ત્વો, રાગ અને પરપદાર્થ કે જે જ્ઞાનમાં નથી એવા તત્ત્વો છે તે તેમાં વેદાતા નથી. કેમકે તેમાં છે નહિ. જેમાં ખાંડ નાખી નથી એવું દૂધ ક્યાંથી ગળ્યું લાગે? એ તો મોળું જ લાગે. જેવું દૂધ હોય એવો જ એનો સ્વાદ લાગે. એમાં ખાંડ નાખી હોય તો એમાં એનો સ્વાદ આવે.

એમ ચૈતન્યમાં કોઈ પદાર્થ ભળી શકતા નથી. કોઈ અવકાશ નથી. આત્મા ચૈતન્યઘન છે. એટલા માટે તો એનો ઘનિષ્ટ સ્વભાવ બતાવ્યો છે ઘન કહીને. એ ચૈતન્યઘનમાં કોઈનો પ્રવેશ નથી. આનંદઘનમાં દુઃખનો પ્રવેશ નથી. ચૈતન્યઘનમાં રાગનો પ્રવેશ નથી. એવો જે અતિનિબિડ સ્વભાવ છે, પરિપૂર્ણ નિવિડ સ્વભાવ છે એમાં પરપદાર્થનો પ્રવેશ નથી. સ્પર્શના નથી. સ્પર્શ સુદ્ધા નથી. એ જણાય છે ખરો પણ એ જણાય છે ત્યારે એ ભિન્ન ભિન્ન રહે છે. સ્વસ્વપણે જણાય છે અને પર જણાતા પર ભિન્નપણે રહી જાય છે. એમ બંનેને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે.

'**સ્વ-પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે. પણ પરને જાણીને જુદો રાખે છે.**' પરને જાણીને પરને એ જુદું રાખે છે. પર પરપણે જણાય છે ત્યારે પરની ઉપાધિ જ્ઞાનને આવતી નથી. ક્યારે ઉપાધિ જ્ઞાનમાં થાય છે? જ્ઞાનમાં કહો કે આત્મામાં કહો. જ્યારે પર સ્વપણે જણાય છે એવી ભૂલ થાય છે ત્યારે એને ઉપાધિભાવ પરિણામમાં ઊભો થાય છે. નહિતર એને ઉપાધિ રહેતી નથી.

દુનિયા આખીના સમાચાર આવે છે કે નહિ છાપામાં, રેડિયોમાં? પણ એની ઉપાધિ આવતી નથી. આટલા એક્સિડન્ટ થયા, આટલા મરી ગયા, ફલાણું થયું, ઢીંકણું થયું. કાંઈક આવે છે. કોઈ ઉપાધિ કેમ થતી નથી? કે એમાં મારાપણું નથી ત્યાં ઉપાધિ થતી નથી. આ તો સીધો અનુભવનો જ વિષય છે. એમ જે જ્ઞાનમાં નથી–આત્મામાં નથી–પોતામાં નથી એની ઉપાધિ પોતાને શેની છે? કે ભ્રમણાથી ઉપાધિ છે કે આ મારું છે. એવી ભ્રમણા કરી છે એની ઉપાધિ છે. આ શરીર સારું રહે તો ઠીક અને શરીરમાં તંદુરસ્તી બગડીને રોગ ન થાય તો ઠીક. કોણ રોગને ઇચ્છે? કહે છે કે એ શરીરની ઉપાધિ, શરીરના મમત્વને લઈને છે.

જેને જાણવું થાય છે–માત્ર જાણવું થાય છે એને એની ઉપાધિ શું? કે એને એની ઉપાધિ સમ્યક્ પ્રકારે નથી. માનસિક બળવાળા એની ઉપાધિ કરતા નથી, આત્મિક બળવાળા ન કરે એમાં તો કોઈ નવાઈ નથી. ખાલી મનોબળ જેણે કેળવ્યું હોય છે એ પણ શરીરના વિકૃત ફેરફારોમાં મુંઝાતા નથી. એમ કહે કે એમાં શું થઈ ગયું હવે. ગમે તે થઈ જાય નહિ. અમને કાંઈ એની અસર થાય એવું નથી. એમ હજી દૃઢ મનોબળ કર્યું હોય તોપણ એને કાંઈ વાંધો નથી આવતો.

એક મુલતાની મળ્યા હતા 'મુંબઈ'માં. પ્લાસ્ટીકની ફેક્ટરીના મેનેજર હતા. એવા મનોબળવાળો માણસ હતો કે મને કહે અગ્નિ આપો. હું હાથમાં મુઠ્ઠી વાળીને પકડી રાખું. સળગતી અગ્નિનો કોલસો હોય એ મુઠ્ઠી ઉપર રાખીને આમ પકડી લઉં. કાંઈ મને અસર ન થાય. મનોબળનું કારણ છે. નાનપણથી ભગવાનની શોધ કરવાનો બહુ વિચાર હતો. એકવાર ભાગી ગયો. જુવાન ઉંમરમાં ઘર છોડીને ભાગી ગયો. મંદિર રખડ્યો, મસ્જિદ રખડ્યો, શિખોના ગુરુદ્વાર રખડ્યો, હિમાલયમાં ભટક્યો, કાશીમાં જઈ આવ્યો. મુલતાની હિન્દુ હોય છે. મુલતાની લોકો હિન્દુ વધારે. આ છે ને 'ટોડરમલજી' સાથે પત્રવ્યવહાર કરતા હોય ને. દિગંબર જૈનો છે હોં 'મુલતાની'માં. આ 'પાકિસ્તાન'થી આવી ગયા 'જયપુર'ની અંદર તો કેટલાય આપણા દિગંબર જૈન છે. એ મુલતાનીઓએ મંદિર આદર્શ નગરમાં બાંધ્યું છે. બહુ સરસ બાંધ્યું છે. અંદર નવું જ બાંધ્યું છે એ લોકોએ. આપણે જઈએ છીએ ત્યારે ત્યાં વાંચન કરીએ છીએ.

બહુ પ્રેમી માણસો છે. (ઈ કહે), ક્યાંય મળતું નથી. ક્યાંય ભગવાનને જોયા નહિ. ગોતી ગોતીને થોક્યો. મારું મનોબળ તો એટલું છે કે અત્યારે અગ્નિ આપો. મુઠ્ઠી વાળીને પકડી રાખું. ઠીક! શરીર ઉપરની એક કલ્પના કરે કે હું આમ કરી શકું ત્યાં એનું મનોબળ આટલું કામ કરે છે. આત્માની શક્તિમાંથી જે પરિણમનમાં બળ આવે એની શક્તિ કેટલી? કે એની શક્તિ એટલી કે આખી દુનિયાની ઉથલપાથલ થાય, વજ્રપાત થાય તોપણ એને ભય થાય નહિ. આવે છે? નિર્જરા અધિકાર. 'સમયસાર' નિર્જરા અધિકારમાં સમ્યગ્દૃષ્ટિને સાત ભય નથી. આખું પ્રકરણ ચાલ્યું છે. એક એક ભય ઉપર એક એક શ્લોક લખ્યો છે 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકાકારે. ગાથા છે અને શ્લોક પણ છે.

કહે છે કે '**સ્વ-પર ગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ...**' અહીંયાં તો એ બધી કૃત્રિમ સ્થિતિ છે એમ કહે છે. મનોબળવાળાની તો કૃત્રિમ સ્થિતિ છે. એ લાંબો નહિ ટકી શકે. એ શક્તિ કૃત્રિમ છે એ લાંબી ટકશે નહિ. આ આત્માના સ્વભાવમાંથી-શક્તિના ખજાનામાંથી-ભંડારમાંથી શક્તિ ઉત્પન્ન થાય છે (એ) સાદિઅનંત ટકે છે. કેટલો કાળ ટકે છે ? કે શરૂઆત થઈ ત્યારથી માંડીને અનંત કાળ પર્યંત એનું ટકવું થાય છે.

એ '**જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને પણ જાણે છે.**' બંનેને જાણતા, બંને જુદા જુદા જણાય છે. જે જુદા છે તે જુદા જણાય છે. જ્ઞાનને કોઈ મારી મચડીને કામ કરવું નથી. જે જુદા છે તેને જુદા જાણવા છે. બે ભેગા થઈ ગયા હોય ને એને છૂટા પાડવા હોય તો જુદી વાત છે. પણ જે જુદા છે એને જુદા પાડવા એમાં શું વિશેષ કરવું છે? એમાં તો કોઈ એવું વિશેષ કામ નથી. જે જુદા છે એને બરાબર જ્ઞાન ચોક્સાઈથી સાવધાનીમાં રહીને જુદું તત્ત્વ છે એને જુદું જાણે છે. પોતામાં વેદાતું નથી-પોતામાં અનુભવાતું નથી એમ સ્વનું ગ્રહણ થઈ જાય છે. ત્યારે પર જુદું છે એ સહજ જ જુદું જાણવામાં રહી જાય છે. એને જુદું પાડવું એવી કોઈ નવી જુદી પ્રક્રિયા કરવી પડતી નથી. સ્વમાં નથી તેથી સ્વમાં અનુભવાતું નથી. સ્વમાં અનુભવાતું નથી.

જેમ જાગૃત થયો ત્યારે ખબર પડી કે સ્વપ્નાની જેટલી ચીજો જોઈ, અનુભવી તેટલી ખરેખર છે જ નહિ. છે નહિ માટે તે અનુભવ જૂઠ હતો. સ્વપ્નાની સુખડીથી ભૂખ ભાંગતી નથી. 'પૂજ્ય બહેનશ્રી'એ એક દૃષ્ટાંત લીધું છે. ભૂખ્યો સૂતો હોય, કડકડીને ભૂખ લાગી હોય, ક્યાંય આહારનો યોગ થાય એવી પરિસ્થિતિ ન હોય. ઘણું દારિદ્રય હોય. ભૂખમાં ને ભૂખમાં થાકીને ઊંઘી જાય. અને જાગતા એવી કલ્પના કરી હોય કે આટલી ભૂખ લાગી છે એમાં સુખડી મળે તો? કેટલી ખાઉં? કેટલી જાપટું? સુખડી તો મળી નહિ પણ ઊંઘ આવી એમાં સુખડી ખાધી. એટલી ખાધી... એટલી ખાધી... કે જાણે તૃપ્ત થઈ ગયો. ઓડકાર ખાય છે ત્યાં આંખ ખુલી ગઈ. ઠીક! જોવે છે તો પેટમાં તો એટલો ને એટલો મણનો ખાડો છે. એટલો ને એટલો છે બરાબર. પૂરો ખાડો છે. એનાથી કાંઈ ભૂખ ભાંગતી નથી. એમ આ જીવ પાંચ ઇન્દ્રિયના વિષયોનો ભોગ-ઉપભોગ અનંત કાળથી એમ માને છે કે હું તૃપ્ત થાઉં. આ મેળવું, આ પ્રાપ્ત કરું, આ ભોગવું એનાથી તૃપ્ત થાઉં. પણ એના સુખની ભૂખ ભાંગતી નથી. કેમકે ખાલી ને ખાલી રહે છે. એક રજકણ પણ આત્મામાં આવતો નથી. આત્માને સ્પર્શતો સુદ્ધા નથી.

... સારું સારું ખાધું, ઘણું સારું ખાધું. પણ શું તારામાં આવ્યું જો તો ખરો. કે જ્યારે ખાધું ત્યારે પણ તારામાં કાંઈ આવ્યું નથી. ખાલીને ખાલી છો તું. જે પરપદાર્થથી તું શૂન્ય છો, જે પરપદાર્થથી તું અભાવસ્વભાવે છો, અભાવસ્વરૂપે છો એ એવો ને એવો એનાથી એમ જ રહે છો. શૂન્ય અને અભાવરૂપે જ રહે છે. ક્યારે પણ કલ્પના કરીને મને મળ્યું એમ કલ્પના કરે છે ત્યારે પણ એ ભ્રમણામાં ને ભ્રમણામાં, સ્વપ્નામાં ને સ્વપ્નામાં છે. એની જાગૃત જે ચૈતન્યની સ્થિતિ એ નથી એટલે એને ખ્યાલ આવતો નથી. બાકી ખરેખર જ્ઞાનમાં, ચૈતન્યમાં એક રજકણનું કોઈ કાળે સ્પર્શવું, ભળવું, મળવું સુદ્ધા થઈ શકતું નથી. એને જે જુદા રાખે છે તેને ભેદજ્ઞાન થયું એમ કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની રીત છે. એ સમ્યગ્દર્શનમાં વિશેષ વિકાસ

મોક્ષમાર્ગમાં કરીને પૂર્ણતા પ્રત્યે જવાની રીત છે.

**'ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે.'** શું વિશેષ વાત કહે છે? કોઈ તર્ક ન કરી જાય એટલે એ વાત સાથે સાથે લઈ લીધી છે કે અહીંયાં જ્ઞાનનો જે પ્રકાશ છે, જેમાં સ્વનું જાણવું થાય છે અને જેમાં પરપદાર્થ પ્રતિબિંબિત થાય છે એ તો પર્યાય છે. અને પર્યાયનો તો અમારે આશ્રય કરવો નથી એવું અમે સત્શાસ્ત્રમાં સમજ્યા છીએ કે પર્યાયનો આશ્રય થાય નહિ. એ તો વ્યવહારનયનો વિષય છે પર્યાય સુદ્ધા. શુદ્ધ પર્યાય હો, અશુદ્ધ પર્યાય હો, સમસ્ત પર્યાય વ્યવહારનયનો (વિષય છે). ગુણભેદ જ્યાં વ્યવહારનયનો વિષય છે ત્યાં પર્યાય તો વ્યવહારનયનો વિષય હોય જ એમાં કાંઈ ચર્ચા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

કહે છે કે અહીંયાં જ્યાં ચૈતન્યલક્ષણ જે પ્રગટ પર્યાયમાં છે તે લક્ષણ દ્વારા તેને એટલે આત્માને લક્ષિત કરતા આત્માનો જે ધ્રુવ સ્વભાવ છે એના ઉપર લક્ષ જાય છે. પર્યાય ઉપર લક્ષ રહેતું નથી. ભેદજ્ઞાન ભલે પર્યાયમાં થાય છે તોપણ લક્ષ પર્યાય ઉપર રહેતું નથી. આમ છે. રસ્તા ઉપર ધ્યાન રાખીને ટ્રાફિકને તારવવામાં આવે છે તોપણ એનું લક્ષ છે એ ટ્રાફિક ઉપર નથી. ઉપયોગ છે છતાં લક્ષ નથી. ઠીક! ઉપયોગ હોય એટલે લક્ષ હોય એમ કાંઈ નથી. લક્ષ બીજે હોય અને ઉપયોગ બીજે હોય. એમ બને કે ન બને? એમ જે પરિપૂર્ણ એવું જે ધ્રુવનું પૂર છે... અહીંયાં ધ્રુવને પૂર રૂપે લીધું છે. પૂરમાં શક્તિ બહુ હોય છે. પૂરને ખાળી શકાતું નથી. આ નદીમાં આવે છે ને? ઘોડાપુર આવે છે. એક માથોડુ, બે માથોડાનું પાણીનું દળ ચાલ્યું આવતું હોય. ખાલી નદી હોય એમાં. એકદમ ખાલી નદી હોય ઉનાળાની, ઉપરમાં વરસાદ થયો હોય. પાણી ભેગું થઈને એનો પ્રવાહ એક-બે માથોડાના દળ જેવડો થાય. ખાલી નદીમાં ચાલ્યું આવે પાણી. એક સેકન્ડમાં તો જળબંબાકાર. બે કાંઠે નદી થઈ જાય. ક્યાંથી આટલું બધું પૂર આવ્યું? કે એ પૂર આવ્યું એ ઉપરથી આવ્યું.

એમ અંદરમાં જે ધ્રુવમાં શક્તિ ભરી છે, આત્માના ધ્રુવ સ્વભાવમાં શક્તિ ભરી છે અથવા શક્તિ જે ધ્રુવ સ્વભાવરૂપે છે એમાંથી પર્યાયમાં પૂર આવે છે. જ્ઞાનનું, આનંદનું, અનંત શક્તિનો ઉછાળો આવે છે. પુરુષાર્થનો વેગ અને પૂર ઊભું થાય છે એ ધ્રુવમાં પૂર પડ્યું છે એમાંથી આવે છે. એમ કહેવું છે. શક્તિમાંથી શક્તિની વ્યક્તિ થાય છે. એટલે ધ્રુવ ધ્રુવરૂપે હોવા છતાં એનું એક રૂપ છે એ બતાવે છે કે એમાં પૂર છે એવું એનું રૂપ છે.

**'તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે.'** એટલે ધ્રુવ ખાલી નથી. આ ધ્રુવ છે, આ ધ્રુવ છે, આત્મા ધ્રુવ છે નહિ, અનંત શક્તિનું સામર્થ્ય જેમાં પૂર પડ્યું છે એવું ધ્રુવ છે. એના ઉપર લક્ષ જાય છે અને માત્ર ઉપરના ચૈતન્ય લક્ષણથી આખું (સ્વરૂપ) અંદરથી લક્ષમાં આવી જાય છે. એક અનિત્ય લક્ષણ છે છતાં આખા નિત્યને એના ઉપરથી ગ્રહણ કરી લે છે. એક અવયવ ઉપરથી આખા અવયવીને પકડે છે. એ શ્રુતજ્ઞાનમાં સામર્થ્ય છે.

જે શ્રુતજ્ઞાન ચૈતન્યલક્ષણ દ્વારા પરિપૂર્ણ પૂર્ણ અનંત સામર્થ્યવંત, પૂર્ણ એવા આત્મદ્રવ્યને લક્ષમાં લે છે, જ્ઞાનમાં લે છે, જેમાં અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાયોનું સામર્થ્ય રહેલું છે. 'ગુરુદેવશ્રી' તો બહુ ચોખ્ખી ભાષા કરતા કે જેના પેટમાં અનંત સિદ્ધપર્યાય પડી છે. કેવળજ્ઞાનની પર્યાય પડી છે એવા શુદ્ધાત્માને જે લક્ષમાં અને જ્ઞાનમાં લે છે, જ્ઞાનમાં લે છે. 'સમયસાર'ની ૯-૧૦ ગાથામાં તો એને શ્રુતકેવળી કહ્યો છે. જે કેવળ જ્ઞાનસ્વરૂપી આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે. કોણે એને શ્રુતકેવળી કહ્યો છે? કે ઋષીશ્વરોએ એને શ્રુતકેવળી કહ્યો છે. મૂળ ભાષા એવી રીતે લીધી છે. સૂત્રની ભાષા એવી છે. ઋષીશ્વરો એને શ્રુતકેવળી કહે છે. આ સમ્યગ્દૃષ્ટિનો મહિમા આચાર્યોએ કેટલો કર્યો છે!

અનાદિનો જેણે શુદ્ધાત્મા વિષય કર્યો નથી એ જ્યારે શ્રુતજ્ઞાનમાં શુદ્ધાત્માને વિષય કરે છે ત્યારે એમ કહે છે કે એ તો શ્રુતકેવળી થયો, ભાવશ્રુતકેવળી થયો. પછી દ્રવ્યે તો ભલે એ કેવળીને સાંભળશે ત્યારે દ્રવ્યશ્રુતકેવળી કહે. કેવળીને સાંભળે ત્યારે એને દ્રવ્યશ્રુતકેવળી

કહે. કેવળીને સાંભળતા શ્રુતકેવળી (કહેવાય). જેને કેવળીએ સંભળાવ્યું તે શ્રુતકેવળી. એના બરાબર કેવો થયો? જેણે સર્વ શ્રુતજ્ઞાનને જાણ્યું. બારેય અંગને જાણ્યા. કેવળીને સાંભળતા જેણે બારેય અંગને જાણ્યા. ગણધર પદવી બાર અંગને જાણે. એ શ્રુતકેવળી, ગણધરો શ્રુતકેવળી છે. અહીંયાં સમ્યગ્દૃષ્ટિ શ્રુતકેવળી છે એમ કહે છે. ઠીક! કેવી વાતો લીધી છે!

ગાથાર્થ છે આ રીતે. '**જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈને જાણે છે...**' '**अभिगच्छति**' એમ લીધું છે. વિકલ્પથી જાણે એમ નહિ. રાગની સન્મુખ રહે, શાસ્ત્રની સન્મુખ રહે અને આવો આત્મા છે એમ જાણે. એમ જાણવું નહિ. '**अभिगच्छति**' અભિ એટલે સન્મુખ થવું. જે '**અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને જાણનારા ઋષીશ્વરો...**' આ જિનેન્દ્રો છે. મુનિશ્વર છે. મુનિ હોવાથી મુનિશ્વર છે, ઋષી હોવાથી ઋષીશ્વરો છે. ઋષીઓમાં ઈશ્વર, મુનિઓમાં ઈશ્વર. લોકને પ્રગટ જાણનારા એમ કહ્યા. એ તો કેવળજ્ઞાન સિવાય લોકાલોકને પ્રગટ જણાતું નથી. એટલે લોકને પ્રગટ જાણનારા. એમ. એવું ઉપનામ દીધું છે. '**लोयप्पदीवयरा**' માગધિમાં મૂળ શબ્દ એવો છે. '**लोयप्पदीवयरा**' લોકને પ્રગટ '**જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે;...**' આવા આત્માને શ્રુતકેવળી કહેવામાં આવ્યા છે. કેટલી મોટી પદવી આપી એને! એ ભાવશ્રુતકેવળી છે.

'**જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' પછી બીજા શ્રુતકેવળીની વાત કરે છે. '**તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે,...**' ત્યાં '**जिनाः**' એવો શબ્દ પડ્યો છે. '**તેને જિનદેવો શ્રુતકેવળી કહે છે, કારણ કે જ્ઞાન બધું આત્મા જ છે તેથી (તે જીવ) શ્રુતકેવળી છે.**' સર્વ શ્રુતને જાણે છે. '**જે જીવ સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે...**' તે શ્રુતકેવળી છે. જે જીવ શુદ્ધાત્માને જાણે છે તે પણ શ્રુતકેવળી છે. અહીંયાં ચોથું ગુણસ્થાન પ્રગટ્યું એ જીવ શ્રુતકેવળી થયો. આમ છે. આ તો ભગવાનના શ્રીમુખે વાત લીધી. ઋષીશ્વરોએ આમ કહ્યું છે. લોકના જાણનારા એવા ઋષીશ્વરોએ. પાછા અજ્ઞાની ઋષીશ્વરો નહિ. લોકાલોકના જાણનારા જે ઋષીશ્વરો છે એણે આ વાત કરી છે. એમ લીધું છે.

મુમુક્ષુ :- લોકાલોકને જાણનારા તો કેવળી ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેવળી. કેવળીને જિનેન્દ્ર કહેવાય છે, મુનિન્દ્ર કહેવાય છે. મુનિઓમાં ઈન્દ્ર છે. મુનિશ્વર કહેવાય છે, ઋષીશ્વર કહેવાય છે. હજારો નામથી કહી શકાય છે. જેટલી જેટલી એની ઉપમા લાગુ પડે છે એ બધા નામથી કહી શકાય છે.

શું વાત કરી અહીંયાં? છેલ્લું જે વાક્ય છે ને? એ જરા વિશેષ વાત કરી છે એનાથી ચાલુ બોલમાં. '**ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં...**' વર્તમાનમાં તને પ્રગટ ચૈતન્ય લક્ષણ છે એમ કહે છે. ચેતવું એટલે અનુભવવું. તારો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા એમા બીજાનો અનુભવ થવો અશક્ય છે. તો અનુભવ તો થાય છે ને? કે તને તારો જ અનુભવ થાય છે. પણ તને એનો સ્વીકાર નથી. તને એવો સ્વીકાર છે કે મને પરપદાર્થનો અનુભવ થાય છે. દાળ-ભાત-શાક-રોટલાનો અનુભવ થાય છે, ઠંડી-ગરમીનો અનુભવ થાય છે. કહે છે કે તને તારો જ અનુભવ થાય છે. બીજાનો અનુભવ તને થતો નથી.

બીજું જણાય છે. જ્ઞાનમાં પરપદાર્થ જણાય છે ત્યારે પણ અનુભવની પ્રધાનતાથી તે જ્ઞાનને વિચારવામાં આવે તો જ્ઞાનને જ્ઞાનનો અનુભવ થાય છે. જ્ઞાનમાં પરનો અનુભવ થઈ શકતો નથી. એવું જે ચૈતન્યલક્ષણ એ પ્રગટ લક્ષણ છે. તેના દ્વારા ધ્રુવ ચૈતન્ય ઉપર લક્ષ જાય છે. લક્ષણથી લક્ષ ઉપર લક્ષ જાય છે. લક્ષણથી લક્ષ્ય. લક્ષ્ય, લક્ષ અને લક્ષણ ત્રણ શબ્દ છે. લક્ષમાં ક્ષ આખો છે અને લક્ષ્યમાં ક્ષ અડધો છે અને ય આખો છે. લક્ષ્ય. લક્ષણથી લક્ષમાં આવવા યોગ્ય તેને લક્ષ્ય કહેવામાં આવે છે. લક્ષણ ઉપર લક્ષ નથી રહેતું પણ લક્ષણને જાણતા લક્ષ્ય ઉપર લક્ષ જાય છે. આ લક્ષણથી લક્ષ્યને વાસ્તવિક રીતે જાણવાની પદ્ધતિ છે.

જેમ ઘરમાં છૂપાયેલા ચોરનો એક અંગુઠો દેખાઈ જાય. છ ફૂટનું બારણું હોય પણ નીચેથી થોડું ઊંચુ હોય.

એક અંગુઠો દેખાય જાય તો એક અવયવ નથી દેખાણો. આખો ચોર જ્ઞાનમાં આવ્યો છે. માણસ વગર અંગુઠો ક્યાંથી હોય?

એમ ચૈતન્ય લક્ષણ અંદરનો ચૈતન્ય સ્વભાવી આત્મા વગર ચૈતન્ય લક્ષણ ક્યાંથી આવ્યું? એમ કહે છે. લક્ષણ ભલે એક સમયનું એક ક્ષણનું પ્રગટ છે પણ આખો જે ચૈતન્ય સ્વભાવ છે એનું એ લક્ષણ છે. લક્ષણ લક્ષ્યને પ્રસિદ્ધ કરે છે. લક્ષણમાં માત્ર લક્ષણની પ્રસિદ્ધિ નથી પણ આખા લક્ષ્યની પ્રસિદ્ધિ છે. એ તો આખું પ્રકરણ લીધું.

'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'ની ટીકા પૂર્ણ કર્યા પછી એમને આ વાત લખવાનો વિચાર રહી ગયો કે ઘણી વાતો કરી છે આ આખા શાસ્ત્રની અંદર. ૪૧૫ ગાથામાં મહાન પરમાગમની ટીકા પૂરી કરે છે પછી પણ એમને એક વાત કહેવી જાણે રહી ગઈ હોય અથવા કહેલી છે તો વિશેષપણે ફરીને કહેવી છે એમ કહીને લક્ષ-લક્ષણનો અધિકાર ફરીને લખ્યો છે. છે? જ્ઞાનલક્ષણ દ્વારા, વેદનથી પ્રસિદ્ધ છે એવા જ્ઞાનલક્ષણ દ્વારા સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. વેદનથી નહિ પણ સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે એવા જ્ઞાન લક્ષણ દ્વારા આખો આત્મા ભિન્ન લક્ષમાં આવે છે. આખો આત્મતા ભિન્ન જાણવામાં આવે છે.

કહે છે કે '**ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે.**' એ આખું આત્મતત્ત્વ છે. જે સાક્ષાત્ સિદ્ધપદસ્વરૂપ છે. જે પરિપૂર્ણ શુદ્ધાત્મપદ છે એના ઉપર લક્ષ જાય છે. લક્ષ જાય છે ત્યારે એ ઓળખાય છે. ઓળખાય છે ત્યારથી એના જુદાપણાનો જે અભ્યાસ છે એ વાસ્તવિક રીતે ચાલુ થાય છે. અને એ અભ્યાસના ફળમાં વારંવાર અનુભવની દશા આવે છે. એને અહીંયાં મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે. મોક્ષનો ઉપાય કહો કે મોક્ષનો માર્ગ કહો.

એમ નથી કે માત્ર પર્યાય ઉપર ભેદજ્ઞાન કરે છે એટલે રાગ અને જ્ઞાન... રાગ અને જ્ઞાન.. એમ પર્યાય ઉપર લક્ષ રહે છે. એમ સમજવા જેવું નથી. આખા ભેદજ્ઞાનનો જે વિષય છે એમાં લક્ષ ત્રિકાળી ધ્રુવ ઉપર છે અને ભેદજ્ઞાનની પ્રક્રિયા પર્યાયમાં થાય છે અને ખ્યાલમાં અને બુદ્ધિમાં આવે એવી રીતે સ્વભાવ અને વિભાવ જુદા પડે છે. સ્વભાવ જુદો પડે છે અને વિભાવ જુદો પડે છે. એ ૨૫૯માં ૧૮૧ કળશ ઉપરનો બોલ છે. ૨૫૯ પૂરો થયો.

## કરુણાસાગર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની ૮૬મી જન્મ જયંતી પ્રસંગે ધાર્મિક કાર્યક્રમ

મુમુક્ષુજીવોના પરમ તારણહાર 'પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ'ની આગામી ૮૬મી જન્મ જયંતી માગશર સુદ-૪, તા. ૧૧-૧૨-૧૮ થી માગશર સુદ-૮, તા. ૧૫-૧૨-૧૮ પર્યંત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંડલ વિધાન પૂજન, પૂજ્ય ભાઈશ્રીનાં ઑડિયો તથા વિડીયો સી.ડી. પ્રવચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિડીયો સી.ડી. પ્રવચન, ભક્તિ, સત્સંગ, સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવશે. તથા તા. ૧૪-૧૨-૧૮ના દિવસે જિનેન્દ્ર રથયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવશે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુએ ટ્રસ્ટના કાર્યાલયમાં અગાઉથી સૂચના આપવા વિનંતી છે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

કાર્યક્રમ સ્થળ : 'શ્રી શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' પ્લોટ નં. ૧૯૪૨બી, શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧

સંપર્ક : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર-૩૬૪૦૦૧,



## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧ A

પ્રશ્ન :- એની મહત્તા પહેલી...

ઉત્તર :- મહિમા એની લાગે છે, મહત્તા એની લાગે છે. ચૈતન્યની મહત્તા લાગતી નથી. મહત્તા લાગવી જોઈએ. ચૈતન્ય જ આશ્ચર્યભૂત અને મહિમાવંત પદાર્થો તો જગતમાં એક ચૈતન્ય આત્મા જ છે. અને એ જેણે આત્મા પ્રગટ કર્યો એવા જે જિનેન્દ્ર ભગવાન, તે મહિમાવંત છે. અને એની સાધના કરનારા ગુરુ મહિમાવંત છે. બાકી કોઈ મહિમાવંત નથી. અને મહિમાવંત મારો આત્મા છે. બીજો કોઈ મહિમાવંત નથી. એની મહિમા લાગે તો તૂટે. મહિમા લાગે તો નિરસતા આવી જાય એનામાં. તો તૂટી જાય. માત્ર વિચાર કર્યા કરે, લુખા વિચાર કરે તો ન તૂટે.

પ્રશ્ન :- આપના વચનામૃતમાં આવે છે ને કે જીવન આત્મામય બનાવી લેવું જોઈએ. એ કેવી રીતે?

ઉત્તર :- હા. જીવન આત્મામય જ બનાવી દેવું જોઈએ. આ જીવન બધું રાગમાં વિકલ્પમય છે. એના બદલે આત્મમય જીવન જ (બનાવી લેવું જોઈએ). બસ! હું આત્મા છું. આ શરીર તે હું નથી અને હું તો આત્મા છું. હું તો ચૈતન્યમૂર્તિ, ચૈતન્યનું સ્વરૂપ તે જ હું છું. આ હું નથી. એમ આત્મામય જીવન. એને ડગલે-પગલે બસ આત્મા જ એને યાદ આવે છે. આ બધું કાંઈ નથી. આ તો બધું બહારનું-પરદ્રવ્ય છે. મારો આત્મા જુદો છે. હું તો ચૈતન્ય છું. આ બધા એને આશ્રિત જે વિચારો આવે એ વિચાર બધા નિરર્થક છે. કાંઈ સારભૂત નથી. હું તો એક ચૈતન્યમય છું. આત્મામય જ જીવન એવું સહજપણે ભાવનાથી કરે.

પહેલા તો સહજ થાવું મુશ્કેલ પડે. પ્રયત્નથી કરે. પણ આત્મામય જ જીવન થઈ જાય તો બધું છૂટી જાય. તો એની એકત્વબુદ્ધિ તૂટી જાય. તો બધું છૂટવાનો અવકાશ છે. આત્મામય જીવન બનાવી દેવું જોઈએ. અંતરદૃષ્ટિ કરીને હું તો આત્મા છું. આ બધું બહાર દેખાય છે તે બધું હું કાંઈ નથી. હું તો અંતરમાં જુદો જ ચૈતન્યદ્રવ્ય છે. આ બધું બહારમાં દેખાય છે તે હું નથી. બહારમાં માની લીધું કે આ શરીર આવી જાતનું તે હું. આ બધું બહારની કલ્પનાએ ઘર, કુટુંબ પોતાનું માન્યું છે એ બધું કાંઈ હું નથી. હું તો ચૈતન્ય આત્મા જ છું.

અનંતકાળમાં ઘણું કર્યું. બધું વિચાર.. વૈરાગ્ય કર્યો, બધું કર્યું. પણ એ યથાર્થ કર્યું નથી. આત્માને સમજીને કર્યું નથી. હું તો આત્મા છું. આ મારું સ્વરૂપ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને જે વૈરાગ્ય આવે, જે વિચારો આવે એ બધું પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને હું તો આત્મા જ છું એવું સહજપણે કરવાનો એવો પ્રયત્ન કરે. પહેલાં સહજ હોતું નથી પણ સહજ કરવાનો પ્રયત્ન કરે. આ ઉદયભાવ તે હું નથી. હું તો પારિણામિકભાવે રહેનારો ચૈતન્યસ્વરૂપ આત્મા તે પારિણામિકભાવ તે મારું સ્વરૂપ છે. આ મારું સ્વરૂપ નથી.

પ્રશ્ન :- 'શ્રીમદ્'માં એવું આવે છે કે પાત્રતા માટે વિશેષ પ્રયત્ન રાખવો. તો એ પાત્રતામાં કેવી વિશેષતા હોવી જોઈએ.

ઉત્તર :- પાત્રતામાં એટલે કે પોતે આત્માને ગ્રહણ કેવી રીતે કરવો? એને માટે પાત્રતા વિશેષ (હોવી જોઈએ). કોઈ જાતની તન્મયતા ન થાય. આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની


કોઈ આશ્ચર્યભૂત વસ્તુ ન લાગે. એક આત્મા જ એને આશ્ચર્યભૂત લાગે. બહારની કોઈ ચીજ આત્મા કરતાં વધી ન જાય. એક આત્મા જ મારો સર્વોત્કૃષ્ટ છે. આત્મા સિવાય દેવ-ગુરુ અને શાસ્ત્ર અને એક આત્મા એના કરતાં કાંઈ વિશેષ લાગે નહિ. કોઈ એવા નિષ્પ્રયોજનમાં વિશેષ એકત્વ થઈ જાય, તન્મય થઈ જાય બહરાના કોઈ કોઈ પ્રસંગોમાં, કષાયોના રસને વિષે તન્મય થઈ જાય એ બધું આત્માર્થીને-જેને આત્માનું પ્રયોજન છે-એ બધું એને મંદ પડી જાય છે. અનંતાનુબંધીનો રસ બધો મંદ પડી જાય છે. તત્ત્વ કેમ ગ્રહણ થાય એ જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે. બહારમાં બધે ક્યાંય તન્મયતા વિશેષ ન થઈ જાય. આત્મા છૂટીને વિશેષપણે ક્યાંય સાંસારિક કાર્યોમાં એને વધારે પડતો રસ આવી જાય આત્મા સિવાય (એવું નથી બનતું). આત્મા જ જેનું પ્રયોજન હોય છે એવી એની પાત્રતા હોય. આવે છે ને। વિશાળ બુદ્ધિ મધ્યસ્થતા એ બધું તત્ત્વ પામવાને (ઉત્તમ) પાત્ર છે. અંતરંગ જાણવામાં આવે છે. ક્યાંય રાગમાં ખેંચાય નહિ, ક્યાંય દ્વેષમાં એકદમ ઓલો થઈ જાય એવું થાય નહિ. બધામાં મધ્યસ્થ રહે. એને બધું છૂટી નથી જાતું પણ બધો રસ તૂટી જાય છે. અને બધું મર્યાદાથી હોય છે.

સમ્યગ્દૃષ્ટિ તો ભેદજ્ઞાન થાય એટલે છૂટો પડી જાય છે. એ છૂટો પડી જાય છે. એટલે એને તો બધું મર્યાદામાં આવી જાય છે કે અનંતાનુબંધીનો રસ એને છૂટી ગયો અને ન્યારો થઈ ગયો. એટલે એને ભેદજ્ઞાન થઈ ગયું એટલે વધારે પડતો ક્યાંય રસ લેતો નથી. એ તો જુદો જ રહે છે. એકત્વ થાતું નથી. એવી રીતે જુદો રહે છે. પણ પાત્રતામાં પણ એ કોઈ જાતના વિકલ્પમાં વધારે પડતો તન્મય થાતો નથી. એને પણ ભાવના તો આત્માની જ છે. આત્માનું જ પ્રયોજન મુખ્ય રહે છે. એને પ્રયોજન મુખ્ય છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાયકતાની ધારા જાગે છે. પણ આને આત્મા પ્રગટ કરવો છે માટે રસ બધેથી તૂટીને વિશેષ ક્યાંય તન્મય થાતો નથી. કોઈ વિકલ્પોમાં, કોઈ બહારના કાર્યોમાં, કોઈ જાતના ઘર-કુટુંબ પ્રત્યે વિશેષ તન્મય થતો નથી. કાર્યમાં જોડાય પણ રસમાં તન્મય થાતો નથી. આત્માનું પ્રયોજન જ જેને મુખ્ય રહે છે. 'કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ.' માત્ર મોક્ષની જ અભિલાષા જેને છે. મુક્તિની અભિલાષા છે. દરેકમાં આત્માનું જ પ્રયોજન જેને રહે છે.

પ્રશ્ન :- જેને આત્માનું પ્રયોજન રહે એને મધ્યસ્થતા જિતેન્દ્રિયપણું. આ બધાનો મેળ હોતો હશે?

ઉત્તર :- બધાનો મેળ હોય છે. હા. સરળતા આદિ બધાને મેળ હોય છે. વધારે પડતો ક્યાંય લેપાતો નથી. આત્માનું પ્રયોજન રહે છે. એના આંતરિક પરિણામ સમજી શકે. વધારે પડતો ક્યાંય લેપાતો નથી. ક્યાંય એને આત્માને છૂટીને વિશેષ રસ આવતો નથી. એને મારો આત્મા જ બસ સર્વસ્વ છે. આત્મા મને ન મળે તો આ બધું (નકામું છે). આત્મા જ કેમ મળે એ જ એને ભાવના છે. આ બધું નિઃસાર છે. એને ક્યાંય રસ પડતો નથી. વિશેષ રસ એને ક્યાંય આવતો નથી.

આત્માનું જ કરવા જેવું છે. એ બધો વિચાર કરી અને જ્ઞાનસ્વભાવનો યથાર્થ નિર્ણય કરે. આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું એમ નિર્ણય કર્યો પણ નિર્ણય કર્યો પણ પછી અંદરથી જો રુચિ મંદ પડી જાય તો નિર્ણયમાં ફેર પડી જાય. એમાં પુરુષાર્થ આત્મા તરફનો એ જિજ્ઞાસા અને લગની એવી ને એવી હોય તો નિર્ણયમાં ફેર પડતો નથી. દરેક ઠેકાણે પુરુષાર્થ તો હોય જ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ એને પુરુષાર્થ હોય છે. દરેક ઠેકાણે સાધકદશામાં પુરુષાર્થ હોય છે. તો જેને આત્માની રુચિ થઈ એમાં પણ પુરુષાર્થ તો સાથે જ હોય છે. એણે આત્માનું નક્કી કર્યું કે આત્માનું જ કરવા જેવું છે એમ નક્કી કર્યું અને એ નક્કી કર્યું અને જો બરાબર અંતરમાંથી નક્કી કરે તો એ ફરતું નથી. પણ જો એમાં એને ફરી જાય, પુરુષાર્થ ફરી જાય તો ફરી જાય.




૧૭૩

મુંબઈ, કારતક વદ ૩, શનિ, ૧૯૪૭

**જિજ્ઞાસુ ભાઈ**

તમારું પ્રથમ એક પત્ર મળ્યું હતું, જેનો ઉત્તર અંબાલાલના પત્રથી લખ્યો હતો. તે તમને મળ્યો હશે. નહીં તો તેમની પાસેથી તે પત્ર મંગાવી લઈ અવલોકન કરશો.

સમય મેળવીને કોઈ કોઈ અપૂર્વ સાધનનું કારણ થાય, તેવું પ્રશ્ન કરવાનું બને તો કરતા રહેશે.

તમે જે જે જિજ્ઞાસુઓ છો, તે તે પ્રતિદિન અમુક વખતે, અમુક ઘડી સુધી ધર્મકથાર્થે મળવાનું રાખતા હો તો પરિણામે તે લાભનું કારણ થશે.

ઈચ્છા થશે તો કોઈ વેળા નિત્ય નિયમ માટે જણાવીશ. હમણાં નિત્ય નિયમમાં સાથે મળીને એકાદ સારા ગ્રંથનું અવલોકન કરતા હો તો સારું. એ વિષે કંઈ પૂછશો તો અનુકૂળતા પ્રમાણે ઉત્તર આપીશ.

અંબાલાલ આગળ લખેલા પત્રોનું પુસ્તક છે. તેમાંનો કેટલોક ભાગ ઉલ્લાસી સમયમાં અવલોકન કરવામાં મારા તરફથી કંઈ હવે તમને અસમ્મતિ નથી. માટે તેઓ પાસેથી સમય પરત્વે મંગાવી લઈ અવલોકન કરશો.

દઢ વિશ્વાસથી માનજો કે આ–ને વ્યવહરનું બંધન ઉદયકાળમાં ન હોત તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત. પ્રવૃત્તિ છે તો તેને માટે કંઈ અસમતા નથી; પરંતુ નિવૃત્તિ હોત તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે. પંચમકાળની પણ પ્રવૃત્તિ છે. આ ભવે મોક્ષે જાય એવાં મનુષ્યોનો સંભવ પણ ઓછો છે. ઈત્યાદિક કારણોથી એમ જ થયું હશે. તો તે માટે કંઈ ખેદ નથી.

તમને બધાને ખુલ્લી કલમથી જણાવી દેવાની ઈચ્છા થતાં જણાવું છું કે હજુ સુધી મેં તમને માર્ગના મર્મનો (એક અંબાલાલ સિવાય) કોઈ અંશ જણાવ્યો નથી; અને જે માર્ગ પામ્યા વિના કોઈ રીતે જીવનો છૂટકો થવો કોઈ કાળે સંભવિત નથી, તે માર્ગ જો તમારી યોગ્યતા હશે તો આપવાની સમર્થતાવાળો પુરુષ બીજો તમારે શોધવો નહીં પડે. એમાં કોઈ રીતની પોતાની સ્તુતિ કરી નથી.

આ આત્માને આવું લખવાનું યોગ્ય લાગતું નથી, છતાં લખ્યું છે.

અંબાલાલનું હાલ પત્ર નથી. લખવા કહો.

**વિ. રાયચંદના ય.**

૧૭૪

**મુંબઈ, કાર્તિક વદ ૫, સોમ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,**

તમારું એક પત્ર મળ્યું. તમારા પિતાશ્રીનું ધર્મેચ્છક પત્ર મળ્યું. પ્રસંગે તેમને યોગ્ય ઉત્તર આપવાનું બનશે. તેવી ઈચ્છા કરીશ.

સત્સંગ એ મોટામાં મોટું સાધન છે.

સત્પુરુષની શ્રદ્ધા વિના છૂટકો નથી.

આ બે વિષયનું શાસ્ત્ર ઈત્યાદિકથી તેમને કથન કથતા રહેશો. સત્સંગની વૃદ્ધિ કરશો.

**વિ. રાયચંદના ય.**